# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## ધન્ય તુલજારામ ભક્તને !

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

ભગવાને પોતાના ભક્તની કસોટી કરી બોલો આમાંથી કેટલા જણા સાધુ થશો ? વાત છે જેતલપુરની મહોલ ઉપર સભા ભરાઈને બેઠી હતી ત્યાં મહારાજે પૂછ્યું. આટલા બધા દિવસથી અહીં બેઠા છો, ઘણી બધી સેવાઓ કરી તો હવે આમાંથી સાધુ થાવ એવા કેટલા છો ? મહારાજે સભામાં આવું કહ્યું પરંતુ સમાજમાં બધાં બહાદુર હોતા નથી. જેટલા જંગલો ભાળો છો એમાં કાંઈ સર્વત્ર ચંદનના ઝાડ ન હોય. બહાદુરીથી લડવા માટે જેમ શૌર્ય જોઈએ એમ સાધુ થવા માટે પણ કંઈ આભ્યંતર શૌર્ય-શૂરવીરતા જરૂર જોઈએ. બોલવાવાળા બધા હોય પણ જ્યારે આચરણમાં મૂકવાનો સમય આવે ત્યારે ખબર પડે. ઘણા બોલતા હોય છે, અરે ખબર પાડી દઈએ. અમારા ગામમાં કોઈ પગ તો મુકે ! અને જ્યારે પગ મુકે ત્યારે છાનામાના જઈને ઘરમાં ભરાઈ જાય. એટલે ખરા સમયે સાચું શૌર્ય જેમાં હોય એ દેખાઈ આવે.

મહારાજે સાધુ થવાની વાત કરી એટલે પ્રાંતિજના તુલજારામને ગોરધનદાસ બે ભક્તો સભામાં ઉભા થયા. શ્રીજી મહારાજ એ બેની સામે જોઈને કહે છે, ‘‘પણ બધાની રજા લઈને આવ્યા છો ?’’ મહારાજ ! રજા જ છે ને તમે જરાય સમય ન લગાડો અમને સાધુ કરી જ નાંખો. શ્રીજી મહારાજ કહે છે, ‘‘તમે તૈયાર છો, તમારી નિષ્ઠા બહુ સાચી છે. તમારી આ શૂરવીરતા જોઈને અમે બહુ રાજી થયા છીએ.. જુઓ ભક્તો, એક વાત બહુ સરસ છે. સાવધાન થઈને સાંભળી લો. ગૃહસ્થાશ્રમમાં રહીને જે ધર્મનું પાલન કરે છે, અમારી આજ્ઞા પાળીને જે અમારૂં ભજન કરે છે એના હૃદયમાં અમે નિવાસ કરીશું. અને જેના હૃદયમાં ધર્મ ન હોય, ભક્તિ ન હોય એના હૃદયમાં અમે અને આ સંત સભાનો વાસ થતો નથી. માટે હે ભક્તો! તમે બધા સાધુ થાવ એના કરતાં સીધા થાવ એ બહુ કામનું છે.

આ વાત આજે પણ બહુ યાદ રાખવા જેવી છે. સાધુ થવા કરતાં સીધા થવું બહુ કઠણ છે. સાધુ થવા કરતાં તમે સીધા થાવ એટલે કે તમારા હૃદયમાં ધર્મે સહિત ભક્તિનું આચરણ કરો તો અમે તમારા હૃદયમાં નિવાસ કરીશું અને તમે સાધુ જ છો એમ માનીશું. આટલી વાત શ્રીજી મહારાજે કરી.

આ બે ભક્તોમાં તુલજારામભાઈ પ્રાંતિજમાં વેપાર કરતા હતા. કોઈ સામાન્ય માણસ નહી. સુખી-સંપન્ન હતા. મહારાજ ! હું સાધુ થવા તૈયાર છું. ભલે તમે બધાને કહ્યું કે ભજન કરજો પણ મને જો તમે દીક્ષા આપો તો હું સંપૂર્ણ તૈયાર છું. ત્યાં ગોરધનભાઈ ઉભા થઈને કહે છે, મહારાજ ! હું પણ તૈયાર છું. શ્રીજી મહારાજ કહે છે, બેસ તારૂં મોઢું ઢીલું છે. હજી બરાબર અંદરથી હા પડતી નથી એટલે તારે હજુ તપ કરવાની જરૂર છે પણ આ તુલજારામની ખાતરી કરીએ. જો એમને સાધુ થવું હોય તો !!!

સોમલાખાચર કાઠી પાર્ષદ હતા. એમની પાસે તલવાર હતી. મહારાજે એમને સાથે લીધા. તુલજારામને કહ્યું, આવો જરા આ બાજુ આવો. તુલજારામ ચાલ્યા. જેતલપુરમાં તળાવની પાળે એક કોઠો છે. શ્રીજી મહારાજ એ કોઠામાં તુલજારામને લઈ ગયા. સાથે સોમલાખાચર પાર્ષદ પણ હતા. શ્રીજી મહારાજ કહે છે - ‘‘તુલજારામ તું કોણ છે ? કોનો દીકરો છે ?’’ એટલે તુલજારામ કહે છે - હું કોઈનોય દીકરો નથી. હું કોઈનો સગો નથી, હું કોઈનો શત્રુ નથી અને કોઈનો મિત્ર પણ નથી. કોઈની સાથે મને સમ કે વિષમભાવ નથી. હું બાળક પણ નહોતો, હું યુવાન પણ નથી, હું વૃધ્ધ પણ નથી. મારો કોઈ દેશ નથી, મારૂં કોઈ ગામ નથી, મારી કોઈ જ્ઞાતિ નથી सच्चिदानंद रुपोस्मि હું તો સત્‌ચિત અને આનંદમય સ્વરૂપ છું. અને તમારો દાસ છું.

શ્રીજી મહારાજ કહે છે, ‘‘ઓ....હો....હો... બહુ જ્ઞાની થઈ ગયો. સાધુ થવાને હજુ વાર છે એ પહેલાં તો બહુ જ્ઞાન આવી ગયું, ‘‘સોમલાખાચર તલવાર લાવો તો. તું બહુ આત્મારૂપ છે તે હમણાં બતાવીએ. તને ભય નથી.

સમ નથી વિષમ નથી અને શ્રીજી મહારાજે પોતાના હાથમાં તલવાર લીધી. સાવધાન ! જો આ તલવાર તારી માથે આવે ત્યારે તું શું બોલે ખબર છે ? ના, મહારાજ ! કંઈ ન બોલું. શું ન બોલે ? આ તલવાર જો અમારા હાથમાં છે અને એ અત્યારે તારા ઉપર પ્રહાર કરીએ તો તું બુમો પાડે. ઓ મા... ઓ બાપા..... મરી ગયો, મારી નાંખ્યો... અને તું કહે છે, આત્મારૂપ છું. અને શ્રીજી મહારાજે તલવાર ઉંચી કરી.

આ તુલજારામ ભક્ત શ્રીજી મહારાજ સામે માથું નમાવીને ઉભા રહ્યાં. મહારાજ ! થવા દો આજ તો જે થાય એ. આણે તો મસ્તક મૂક્યું. આ પાર્ષદની તલવાર જે ભગવાનના ભક્તના હાથમાં કાયમ રહે એવી તલવાર અને ભગવાન સ્વયં એ તલવાર ઉઠાવે તો ભાગ્યશાળીના મસ્તક ઉપર આવે. થવા દો મહારાજ, અત્યારે જ સમય, ચોઘડીયું બહુ સારુ છે. શ્રીજી મહારાજે કહ્યું, ‘‘કેમ ચોઘડીયું સારું છે ?’’ આજ તો મહારાજ ઓ હો... આ ચર્મચક્ષુથી તમારૂં સ્વરૂપ અખંડ દેખાય છે. અને પછી તો એ સ્વરૂપમય બની જઈને અક્ષરધામમાં વાસ થઈ જાય, હસતા હસતા કહ્યું અને શ્રીજી મહારાજ એટલા બધા રાજી થઈ ગયા કે એ તલવાર સોમલા ખાચરને આપવા ન રોકાયા. તલવાર નીચે ફેંકી તુલજારામને ભેટી પડ્યા. શાબાશ.. તું સાચો શૂરવીર ભક્ત છે. ભગવાન ત્યારે ભેટે કે જ્યારે તલવાર મસ્તક ઉપર ઝીલવા તૈયાર થઈએ.

ભગવાન તુલજારામ ઉપર રાજી રાજી થઈ ગયા. ધન્ય છે. તારી સમજણ સાચી છે. અમે જાણીએ છીએ કે અત્યારે તું સંપૂર્ણ તૈયાર હતો, તને કોઈ ભય નહોતો, મહારાજ તુલજારામનો હાથ ઝાલીને બધા ભક્તો-સંતોની સભા જ્યાં બેઠી હતી ત્યાં લાવ્યા. અને કહ્યું, ‘‘હે ભક્તજનો ! અમે કહ્યું નથી પણ આજે કહીએ છીએ. આ તુલજારામ પ્રાંતિજના શાહ છે પણ એને સાધુ સમજજો. એને સંસારી ન સમજતા.

વ્હાલા મિત્રો ! સંસારમાં રહેવું ખોટું નથી પણ સંસાર આપણામાં રહે એ ખોટું છે. માટે ભગવાને કહેલા ધર્મ-નિયમમાં રહી ભજન-ભક્તિ કરવાં. તો હૃદયમાં પ્રભુનો વાસ રહે. તુલજારામભાઈ જેવા ભક્તોને લાખ લાખ વંદન.

●

## સત્સંગનું ગૌરવ

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

રામાયણની કથાનો એક પ્રેરણાદાયી પ્રસંગ છે. સીતાજીનું રાવણે છળથી હરણ કર્યું. સીતાજીના વિયોગથી પ્રભુ શ્રીરામ ઘણા વિચલિત થયા હોય તેવા ચરિત્ર કરતા કરતા શ્રીરામ તથા લક્ષ્મણ સીતાજીની શોધ માટે ચારે બાજુ ફરી રહ્યા હતા. ફરતા ફરતા આગળ વધતા વધતા જટાયુ દ્વારા ખબર પડી છે કે રાક્ષસ સીતાજીને હવાઈ માર્ગે આ તરફ લઈ ગયો છે. પ્રભુ શ્રીરામ તથા લક્ષ્મણ તે દિશામાં આગળ વધ્યા. ત્યાં તેમની મુલાકાત હનુમાનજી સાથે થઈ.

વાલી વધ કરી સુગ્રિવનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. માહિતી મળી કે સીતાજીને લંકામાં રાવણ ઉપાડી ગયો છે. પ્રભુ શ્રીરામ, લક્ષ્મણ, સુગ્રિવ, જાંબુવાન તેમજ અન્ય વાનરસેના સહુ દક્ષિણ તટે સાગર કિનારે પહોંચી ગયા. હવે વાત હતી લંકામાં જઈને સીતાજીની ભાળ મેળવવાની. દરિયો ઓળંગી લંકા કેવી રીતે પહોંચવુ તેનો વિચાર સહુ આગેવાન સાથીઓ કરવા લાગ્યા. સૌ પ્રથમ વાલીના પુત્ર અંગદે કહ્યું કે જો હું વધુમાં વધુ પ્રયત્ન કરૂં તો કદાચ અડધો દરિયો કુદી શકું, કોઈ કહે હું વીસ કે પચીસ ડગલા કુદી શકું. આવી બધી ચર્ચા ચાલતી હતી, બધા કાંઈને કાંઈ વાત કરતા હતા. પણ હનુમાનજી કહે, મારાથી કદાચ દરિયો કૂદી સામે પાર લંકા પહોંચી જવાય પણ પાછા આવી શકું કે નહી તે કહી ન શકાય. હનુમાનજી મહારાજના મુખે આવી ઢીલી વાણી સાંભળી જટાયુનાભાઈ સંપાતિ બોલી ઉઠ્યા કે હે પવન પુત્ર ! તમે આ શું વાત કરો છો ?

સંપાતિ કહેવા લાગ્યા, હે પવનપુત્ર ! યાદ કરો કે તમે જ્યારે નાના હતા ત્યારે તમને ખૂબ ભૂખ લાગી હતી અને સૂર્યનારાયણને સફરજનનું ફળ જાણી તમે કુદકો લગાવ્યો તો એક જ ફલાંગમાં તમે છેક સૂર્યનારાયણના રથમાં પહોંચી ગયેલા. તમારા માટે આ સમુદ્ર ઓળંગવો તે તો ખાડો કુદવા જેવી સામાન્ય બાબત ગણાય.

સંપાતિના મુખે જેવી આ પ્રેરણાદાયી વાત સાંભળી કે હનુમાનજીની અંદર રહેલી સુષુપ્ત શક્તિઓ એકદમ જાગૃત થઈ અને પછી તો હનુમાનજી મહારાજ ‘‘જયશ્રી

રામ'' કહી જેવા કુદયા તે આખો સમુદ્ર ઓળંગી લંકામાં પહોંચી ગયા. લંકામાં કેટલાય રાક્ષસોને પુરા કર્યા. સીતામાતાની ભાળ મેળવી પ્રભુનો સંદેશો આપ્યો અને લંકા દહન કરી પાછા સમુદ્રની સામે પાર આવી પ્રભુ શ્રીરામને વંદન કર્યા.

બળ તો હનુમાનજીમાં હતું જ પણ પોતાનામાં શું તાકાત છે તેનું વિસ્મરણ થઈ ગયું હતું. સંપાતિએ તેનું સ્મરણ કરાવ્યું ને હનુમાનજીને તેમની શક્તિ જાગૃત થઈ. અને તેઓ આવું અસાધારણ કાર્ય કરી શક્યા.

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધમાં પ્રલંબાસુર મોક્ષ કથામાં પણ જ્યારે બળદેવજી પ્રલંબાસુરથી ગભરાયા ત્યારે શ્રીકૃષ્ણ પ્રભુએ આકાશવાણી દ્વારા મોટાભાઈને તેઓ કોણ છે ? અને તેમનામાં શું શક્તિઓ રહેલી છે તેનું સ્મરણ કરાવ્યું. પોતાની શક્તિનું સ્મરણ થતાં જ બળદેવજી મહારાજે એક જ મુષ્ટિ પ્રહારથી પ્રલંબાસુરને પુરો કરી દીધો. તે પ્રસંગ આલેખાયેલ છે.

વચનામૃતમાં સ્વામિનારાયણ ભગવાને પણ આ પ્રસંગનો ઉલ્લેખ કરતા કહ્યું કે શક્તિને જગાડવા શબ્દોની જરૂર પડે છે. આ વાત વાંચતા સહેજે વિચાર આવે કે આવા પ્રેરણાદાયી શબ્દો મળે ક્યાંથી ? આ બાબતે આપણે એટલા બધા ભાગ્યશાળી છીએ કે સંતસમાગમ, સત્સંગ, શાસ્ત્રો, કથા-પારાયણો દ્વારા આપણને આવા શક્તિદાયક, પ્રેરણાદાયક શબ્દોની પ્રાપ્તિ સહેજે સહેજે થાય છે. આ કથા, આ સત્સંગ આપણને એ યાદ કરાવે છે કે તમે કોણ છો ? તમે કોના ભક્ત છો ? તમને કોનું શરણ છે ? જો આ પ્રશ્નોના જવાબ નો વિચાર કરી કથા-વાર્તા, સત્સંગ કરીએ તો આપણે કોઈ વાતે ડરવાની જરૂર નથી. હું કોણ છું ? તેનું ગૌરવ રાખી ભજન, ભક્તિ સત્સંગ, સેવા કરતા રહીશું તો આપણા જીવનું કલ્યાણ થઈ જ ગયું છે.